# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 પુરસ્કારો એનાયત કર્યા – ગુજરાતના 4 શહેરોને પુરસ્કારો મળ્યા.
2) વિદેશ મંત્રાલયે કહ્યું કે યમનમાં નિમિષા પ્રિયાનો કેસ સંવેદનશીલ - સરકાર તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે.
3) કેન્દ્રીય સહકારમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે આગામી 100 વર્ષ સહકારી સંસ્થાઓના છે.
4) કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને પ્રધાનમંત્રી કૃષિ ધન-ધાન્ય યોજના હેઠળ કૃષિ ઉત્પાદકતા વધારવામાં યોગદાન આપવા અપીલ કરી
5) અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર માટે ચાલી રહેલી વાટાઘાટો ટૂંક સમયમાં પૂર્ણ થશે
6) હવામાન વિભાગે આવતીકાલ સુધી મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PRESIDENT - Svacchata Sarvereksaṇa

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 પુરસ્કારો એનાયત કર્યા. આ પ્રસંગે શ્રીમતી મુર્મુએ ભાર મૂક્યો હતો કે સ્વચ્છતા એ વિકસિત ભારત 2047 વિઝનના સૌથી મહત્વપૂર્ણ પાસાઓમાંનું એક છે. તેમણે દેશવાસીઓને દેશને સ્વચ્છ, સ્વસ્થ અને વિકસિત બનાવવા માટે આગળ વધવા અપીલ કરી હતી.

**[S/B-પ્રમુખ VIKSIT BHARAT -26 SECS]**

ઇન્દોરે સતત આઠમા વર્ષે ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકેનો ખિતાબ જાળવી રાખ્યો છે. કેન્દ્ર સરકારના વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત બીજા ક્રમે રહ્યું છે, જ્યારે નવી મુંબઈ ત્રીજા ક્રમે રહ્યું છે.

3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોની શ્રેણીમાં, નોઈડા સૌથી સ્વચ્છ શહેર તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ ચંદીગઢ અને મૈસુર આવે છે. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની શ્રેણીમાં અમદાવાદને પ્રથમ સ્થાન મળ્યું છે.

. . . . . . . . .

# AHMEDAVAD SWACH SURVEY

સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર 2024-25માં ગુજરાતનાં ચાર શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને ગાંધીનગર તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણને પણ સ્થાન મળ્યું છે. સ્વચ્છ શહેરોની અલગ અલગ પાંચ

શ્રેણીમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા ગુજરાતનું અમદાવાદ પ્રથમ ક્રમે રહ્યું છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

*(અમદાવાદ શહેરમાંથી રોજ 4 હજાર મેટ્રિક ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવે છે. શહેરમાં દરેક ઘરમાંથી કચરો એકત્રિત કરવા માટે 600 થી વધુ ઓટો ટિપર વાહનો મુકવામાં આવ્યા છે. આ વાહનો સવારે 7 વાગ્યાથી દરરોજ ઘરે ઘરે જઈને કચરો ભેગો કરે છે. જ્યારે સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરોની શ્રેણીમાં સુરતએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર 2024-25માં 3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરમાંથી સુપર સ્વચ્છ લીગ કેટેગરીમાં ગાંધીનગરને પણ સ્થાન મળ્યું છે. જ્યારે સ્વચ્છતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણને સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો 2025 હેઠળ "ઉભરતું સ્વચ્છ શહેર" તરીકે સન્માનિત કરાયું છે.*

*સમાચાર વિભાગથી હું મયુર સોલંકી આકાશવાણી અમદાવાદ )*

. . . . . . . . .

## Ministry of External Affairs - Nimisha Priya

વિદેશ મંત્રાલયે કહ્યું કે યમનમાં નિમિષા પ્રિયાનો કેસ સંવેદનશીલ છે. ભારત સરકાર આ મામલે તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે. આજે નવી દિલ્હીમાં, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત સરકારે એક વકીલની પણ નિમણૂક કરી છે. સરકાર આ મુદ્દાને ઉકેલવા માટે સ્થાનિક અધિકારીઓ અને પરિવારના સભ્યો સાથે સતત સંપર્કમાં છે. યમનના અધિકારીઓએ આવતીકાલે યોજાનારી નિમિષાની ફાંસી મુલતવી રાખી છે.

બ્રિટન-ભારત મુક્ત વેપાર કરાર અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે વાટાઘાટો સારી રીતે આગળ વધી રહી છે અને આગામી તબક્કાની વાટાઘાટો ફેબ્રુઆરીમાં દિલ્હીમાં યોજાશે.

રશિયામાં ગુમ થયેલા 16 ભારતીયો અંગે, શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત નવી દિલ્હી અને મોસ્કોમાં રશિયન અધિકારીઓ સાથે નિયમિત સંપર્કમાં છે.

. . . . . . . . .

# Amit Shah - Jaipur

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે જયપુરમાં સહકારી અને રોજગાર મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતાં. શ્રી શાહે પોલીસ સ્ટેશનો, સશસ્ત્ર દળો, લશ્કરી વાહનો અને તાલીમ હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા 100 નવા પોલીસ વાહનોને લીલી ઝંડી આપી હતી અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓને પ્રમાણપત્રો અને ચેકનું વિતરણ કર્યું હતું.

તેમણે શ્રીઅન્નના પ્રચાર માટે વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ બાંધવામાં આવેલા 24 વેરહાઉસ અને 64 બરછટ અનાજ વેચાણ કેન્દ્રોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

કાર્યક્રમને સંબોધતા શ્રી શાહે કહ્યું કે છેલ્લા 100 વર્ષમાં સહકારી સંસ્થાઓએ દેશના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે. આગામી 100 વર્ષ સહકારી સંસ્થાઓના છે. 98 ટકા ગ્રામીણ વિસ્તારોમાં સહકારી સંસ્થાઓની સક્રિય ભૂમિકા છે.

(બાઇટ - અમિત શાહ )

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# Bihar Shivraj

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને પ્રધાનમંત્રી કૃષિ ધન-ધાન્ય યોજના હેઠળ કૃષિ ઉત્પાદકતા વધારવામાં યોગદાન આપવા અપીલ કરી છે.

આજે બિહારના સમસ્તીપુરમાં પુસા સ્થિત ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના ચોથા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે આ યોજના હેઠળ 100 જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે, જેને ગઈકાલે કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી હતી.

. . . . . . . . .

# GADKARI

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં દેશનો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટીને નવ ટકા થઈ જશે. આજે નવી દિલ્હીમાં એક ખાનગી ન્યૂઝ ચેનલના કાર્યક્રમને સંબોધતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થવાથી ભારતની નિકાસ દોઢ ગણી વધશે. સરકાર પ્રદૂષણ અને ટ્રાફિક જામ ઘટાડવા માટે પ્રયાસો કરી રહી છે.

. . . . . . . . .

# Search-ED

મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 100 કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના કેસમાં પ્રવર્તમાન નિદેશાલય- EDએ બેંગલુરુની આસપાસના 15 થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કેસ શુશ્રુતિ સૌધર બેંક, શ્રુતિ સૌધર બેંક અને શ્રીલક્ષ્મી સૌધર બેંક સાથે સંકળાયેલા બેંક છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. 15 હજારથી વધુ થાપણદારોને ઊંચા વ્યાજ દરના વચનો આપીને રોકાણ કરવાની લાલચ આપીને છેતરવામાં આવ્યા હોવાનો આરોપ છે.

. . . . . . . . .

# Mandaviya-Khelo India

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં ખેલો ઇન્ડિયા સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા તેમણે રમતગમતને જનઆંદોલન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. જનઆંદોલન ભારત દેશના લોકો, રમતગમત સંઘો, રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર સહિત તમામ હિતધારકોના સામૂહિક પ્રયાસોથી હાંસલ કરી શકાશે.

. . . . . . . . .

# Hardeep Puri - Energy Discussion

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે જણાવ્યું હતું કે વિશ્વના ઘણા ભાગોમાં ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ અનુકૂળ ન હોવા છતાં, ભારતે ઊર્જા ઉપલબ્ધતા, પોષણક્ષમતા અને ટકાઉપણાના પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે.

નવી દિલ્હીમાં એક સભાને સંબોધતા તેમણે કહ્યું કે ભારતે એવા દેશોની યાદીનો વિસ્તાર કર્યો છે જ્યાંથી તે ઊર્જા આયાત કરે છે. તેમણે કહ્યું કે સરકાર આ વર્ષના અંત સુધીમાં સંશોધન ક્ષેત્રને 5 લાખ ચોરસ કિલોમીટર અને 2030 સુધીમાં 10 લાખ ચોરસ કિલોમીટર સુધી વધારવાનું લક્ષ્ય રાખે છે.

. . . . . . . . .

# Karnataka - Stampede

ગયા મહિને બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમના દરવાજા બહાર થયેલી ભાગદોડ માટે કર્ણાટક સરકારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર – RCB ને જવાબદાર ઠેરવી છે. ભાગદોડમાં 11 લોકો માર્યા ગયા હતા અને 50 થી વધુ ઘાયલ થયા હતા. રાજ્ય સરકારે કર્ણાટક ઉચ્ચ અદાલતમાં રજૂ કરેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે RCB એ IPL ચેમ્પિયનશિપ જીતવાની ઉજવણી કરવા માટે જરૂરી મંજૂરી અને પરવાનગી લીધી ન હતી.

. . . . . . . . .

# Odisha-Jitendra Singh

જાહેર ફરિયાદ રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે સરકારે છેલ્લા 11 વર્ષમાં લગભગ 1 હજાર 600 એવા નિયમો નાબૂદ કર્યા છે જે નાગરિકોના હિતમાં ન હતા. ડૉ. સિંહે આજે ભુવનેશ્વરમાં વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ, દ્વારા આયોજિત 'સુશાસન પ્રથાઓ' પર બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરતી વખતે આ વાત કહી હતી.

. . . . . . . . .

# TRAMP

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર માટે ચાલી રહેલી વાટાઘાટો ટૂંક સમયમાં પૂર્ણ થઈ શકે છે. શ્રી ટ્રમ્પે કહ્યું કે વાટાઘાટો પૂર્ણતાના આરે છે. પ્રસ્તાવિત વેપાર અમેરિકા અને ઇન્ડોનેશિયા વચ્ચેના વેપાર કરાર અનુસાર અમેરિકન કંપનીઓને ભારતીય બજારમાં વધુ સારી પહોંચ પ્રદાન કરી શકે છે.

. . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથેની મુલાકાતમાં, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનામાનીએ જણાવ્યું હતું કે આગામી ત્રણ દિવસ માટે કેરળ, માહે અને દક્ષિણ કર્ણાટકમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

. . . . . . . . .

# Jammu-Katra rail line

રેલ્વે મંત્રાલયે જમ્મુ અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરા વચ્ચે 77 કિલોમીટરથી વધુના અંતરની વધારાની નવી રેલ લાઇન માટે સ્થળ સર્વેક્ષણને મંજૂરી આપી છે. ભારતીય રેલ્વેની આ પહેલ તેના નેટવર્કને

વિસ્તૃત કરવાની અને સુધારેલા પરિવહન અને પ્રવાસન સુલભતા દ્વારા પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . .